Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. વિક્રમ સંવત્ ૧૯૬૩. જેઠ. અંક ૧૧ મો.

## પ્રભુ સ્તુતિ

( શાર્દૂલવિક્રીડિત )

જે ચિંતામણિરૂપ ભક્ત જનના જે ધર્મ [1]આરામના;
છે [2]આરામિક ભવ્ય [3]પંકજ તણાં જે સૂર્ય છે [4]ધામના;
જે મિથ્યાત્વ [5]નિશાતણું [6]તમ હરે [7]ચંદ્રોપમા ધારતા,
તે શ્રી વીર જિનેશને પ્રણમિએ સદ્ભાવના ભાવતા. ૧

## બોધાષ્ટક.

વસંતતિલકા.

જે ધર્મથી વિમુખ થઇ [8]ભવમાં સચ્યોરે,
જે શુષ્ક ઇંદ્રિયતણાં વિષયે મચ્યોરે;
જેણે નહીં હૃદયમાં શુભ ભાવ ભાવ્યો,

૧ બાગ. ૨ બાગવાન. ૩ ભવ્ય પ્રાણીરૂપ કમળમાં. ૪ તેજના. ૫ રાત્રિતું ૬ અંધકાર, ૭ ચંદ્રની ઉપમાને, ૮ સંસારમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પામરે [1]મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૧
જે જ્ઞાનનો પરમ લાભ કદિ ન લેતો,
જે વિત્તવાન બની દાન જરા ન દેતો;
જે પ્રેમથી સ્મરણુમાં જનને ન આવ્યો,
તે પામરે મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૨
સત્કીર્ત્તિવાન જગમાં ન થયો કદી જે,
પૂરો પ્રમાણિક બન્યો નહિ લોકમાં જે;
જે નિત્ય દુર્જન તણાં [2]ગણુમાં ગણાયો,
તે પામરે મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૩
જે નિંદ્ય કામ કરતાં અટકયો ન [3]ચિત્તે,
જે લોભમાંહિ લપટયો મન રાખી [4]વિત્તે;
જે જન્મની સફળતા કરવા ન ફાવ્યો,
તે પામરે મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૪

અપૂર્ણ.

# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્તા.

(ગત અંક ૨ જાના પૃષ્ટ પર થી શરૂ).

( મુનિ વૈભવ વિજયની બીજી દેશના ).

### ભારત વર્ષીય જ્ઞાન મંદિર.

પ્રાતઃકાલનો સમય હતો. વર્દ્ધમાનપુરની જૈન પ્રજા દેશનાના સમયની રાહ જોઇ રહી હતી. કેટલાંક સ્ત્રી પુરૂષો ઉપાશ્રયના આંગણામાં આમ તેમ ફરતા હતા. કોઇ સારી જગ્યાના લોભથી વેહેલા આવી વ્યાખ્યાનશાળામાં દાખલ થઇ બેઠા હતા. કોઇ પોતાના નિત્યકર્મમાં ઉતાવળ કરતા હતા. કોઇ પેહેલા દિવસના વ્યાખ્યાનમાં પોતાની ગેરહાજરી થવાથી પશ્ચાતાપ કરતા હતા.

૧ મનુષ્યનો જન્મ, ૨ ટોળામાં ૩ મનમાં ૪ પૈસામાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ વેહેલા પરવારી પૂર્વના વ્યાખ્યાનની વાતો કરતા હતા.

જ્યારે વ્યાખ્યાનનો બરાબર સમય થયો ત્યારે ઉપાશ્રયની વ્યાખ્યાન ભૂમિ શ્રોતાઓથી ચીકાર ભરાઇ ગઇ, અને પરમ પવિત્ર ધર્મ ચિંતામણિના ધારક મહામુનિ ચિંતામણિ વ્યાખ્યાનના આસન ઉપર વિરાજમાન થયા. શ્રોતાઓએ જય ધ્વનિથી તેમને વધાવી લીધા. તત્કાળ પરિષદામાં શાંતિ પ્રસરી ગઇ. મુનિવરના મુખમાંથી હવે શું નીકળે છે, એ સાંભળવાની તૃષ્ણા રાખી શ્રોતૃવર્ગ ઉત્સુક થઇ રહ્યો. તે વખતે પ્રબલચંદ્ર, વિનોદચંદ્ર અને બીજા સંઘના પ્રતિષ્ઠિત ગૃહસ્થો હાજર થઇ વ્યાખ્યાનના આસન આગલ બેઠા હતા. પ્રબલચંદ્ર શેઠ ગઇ કાલના વ્યાખ્યાનનું સ્મરણ કરી હૃદયમાં પશ્ચાત્તાપ કરતા હતા. "સંઘ અને સંઘના આગેવાનોનો ધર્મ" એ પૂર્વના વિષયનો બોધ પોતાને ઉદ્દેશીને હોય એવી હૃદયમાં શંકા કરતા હતા. અને આજનો વ્યાખ્યાન વિષય શો હશે એવો સંકલ્પ વિકલ્પ તેના શંકિત હૃદયને ચિંતાતુર કરાવતો હતો, ત્યારે વિનોદચંદ્ર સર્વ બાબતમાં તેનાથી ઉલટી રીતે વર્ત્તી આનંદ મગ્ન થતો હતો.

પરમ પ્રભાવિક ચિંતામણિ મુનિએ મંગલાચરણ કરી નીચે પ્રમાણે પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું:—

દેવાનુપ્રિય શ્રાવક ગણ, આજે તમને એક નવીન બોધ આપવાની ઇચ્છા રાખું છું. જે બોધ ભારતવર્ષની સમસ્ત જૈન પ્રજાને ઘણોજ ઉપયોગી છે. ગઇ કાલે 'સંઘ અને સંઘના આગેવાનોનો ધર્મ' એ વિષય ઉપર જે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, તે વ્યાખ્યાનનો સંબંધ હજુ ચાલ્યો આવે છે. આજનો વિષય પણ એ વ્યાખ્યાનને લગતોજ છે.

સદ્‌ગુણી શ્રોતાઓ, પ્રથમ તમારે તમારા હૃદયમાં હંમેશાં ધર્માભિમાન અને સ્વાત્માભિમાન રાખવાની જરૂર છે. તમારો ધર્મ કેવો છે? તમે કોણ છો? અને તમારૂં કર્ત્તવ્ય શું છે? એ ત્રણ સૂત્રો તમારે ક્ષણે ક્ષણે યાદ કરી મનન કરવાના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારો ધર્મ જૈન ધર્મ છે. આ જગત્‌ના ઇતિહાસમાં પહેલું પાનું ભરતક્ષેત્રની કથાનું છે. આ અનાદિ અનંત સૃષ્ટિમાં યુગલીયાના સમય પછી માનવ જાતિના ઇતિહાસની પ્રથમ ખબર આપવાનું માન જૈન ઇતિહાસને છે અને પ્રાચીન કાલમાં આર્ય જાતિમાં શ્રેષ્ટત્વ ભોગવવાની કીર્ત્તિનો દાવો ફક્ત જૈનોજ કરી શકે છે. જગત્‌ના નિષ્પક્ષપાતી વિદ્વાનોની દૃષ્ટિ આગળ જૈનોના પુરાણ પવિત્ર પુસ્તકો પ્રમાણભૂત થયાં છે. જગત્‌ની કોઇ પણ પ્રજાના કરતાં જ્ઞાનબલમાં વધારે ચઢીઆતા જૈન વિદ્વાનો થઇ ગયા છે. જૈન વિદ્વાનોએ વિવિધ પ્રકારના લેખ લખી વિશ્વની મહા વિદ્યાને સારી રીતે ઓપાવી તેના અનિર્વચનીય ગુણો પ્રકાશ કર્યા છે. પ્રાચીન કાલની વાત તો એક તરફ મુકીએ પણ થોડાજ સમય પેહેલાં વીર પ્રભુના સમય પછી થયેલા જૈન પંડિતોએ પોતાના બુદ્ધિબલથી ઇતર વિદ્વાનોને મહાત કરવાના અનેક દાખલાઓ મલી આવે છે. એવા જગત વિખ્યાત જૈન ધર્મના ધારણ કરનારા તમે શ્રાવક છો. પૂર્વના મહા પુણ્યોથી તમે શ્રાવક કુલમાં અવતર્યા છો. આવો ઉત્તમ વિચાર કરવાથી તમારામાં ધર્માભિમાન અને સ્વાત્માભિમાન પ્રગટ થઇ આવશે. અને તમે કોના સંતાન છો ? અને કઇ ધર્મભાવનામાં પ્રગટયા છો ? એ ભાન પણ તમારી પ્રતિભાની આગલ ખડું થશે.

પ્રિય શ્રાવકો, આજે મારે તમને તમારા એક ખાસ કર્ત્તવ્ય માટે બોધ કરવાનો છે. તમે દીર્ઘ વિચાર કરી મનન કરશો તો તમારા આસ્તિક હૃદયમાં એટલી તો ખાત્રી થશે કે, આ સ્થાવર જંગમ વિશ્વની મહત્તા જ્ઞાન ઉપર રહેલી છે. જ્ઞાન એ એવી દિવ્ય શક્તિ છે કે, તેના પ્રભાવથી પામર જનો પણ પ્રભુતાને પામે છે. વિશ્વના એક નાના ખુણામાં પ્રગટેલો માનવ પ્રાણી જો જ્ઞાનનો આરાધક થાય તો તે વિશ્વના ઉંચામાં ઉંચા શિખર ઉપર આવી શકે છે. એવી જ્ઞાનની મહાશક્તિનો પ્રભાવ અલૌકિક છે. એવા જ્ઞાનના બે પ્રકાર પડી શકે છે. દ્રવ્યજ્ઞાન અને ભાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વજ્ઞાન. ભાવજ્ઞાન એ હૃદયનો થયેલો બોધ છે; તેની અવધિ કેવળ જ્ઞાન પર્યંત છે. દ્રવ્યજ્ઞાન એ અક્ષરમાલા અથવા વર્ણ પંક્તિથી પત્રાકારે મુકાએલા ગ્રંથો છે. એ દ્રવ્યજ્ઞાન ભાવજ્ઞાનનુ કારણ છે. દ્રવ્યજ્ઞાનનો અભાવ હોય તો સાંપ્રતકાલે ભાવજ્ઞાન મેલવી શકાતું નથી. અતિ પ્રાચીનકાલે દ્રવ્યજ્ઞાન વિના પણ ભાવજ્ઞાન મેળવી શકાતું હતું, કારણકે, તે કાલે લેખક્રિયાની પ્રવૃત્તિ હતી નહિ. પણ તે કાલના પ્રભાવને લોપ થઇ ગયા ઘણો સમય થઈ ગયો છે. તેથી અત્યારે તેનું સ્મરણ કરીને આપણે સાનંદાશ્ચર્ય થવાનું છે. પ્રિય શ્રાવકગણ, હવે તે દ્રવ્યજ્ઞાનનું સંરક્ષણ કરવું, એ આપણું મુખ્ય કર્ત્તવ્ય છે, વર્તમાન કાલે મુદ્રાયંત્રોનો પ્રચાર ઘણો થઇ ગયો છે. વિવિધ જાતની વર્ણમાળા મુદ્રિત કરી શકાય તેવાં ઉત્તમ સાધનો આપણને પ્રાપ્ત થયાં છે, તે સાથે ઉંચી જાતના પત્રો અને [1]બંધનો પણ હૃદયને પ્રસન્ન કરે તેવા પ્રવર્ત્તે છે. આવા સર્વ સાધન સંપન્ન સમયમાં લિખિત અને મુદ્રિત પુસ્તકોનો સંગ્રહ કરી એક જ્ઞાનમંદિર કરવાની જરૂર છે. પૂર્વકાળે તેવા જ્ઞાનમંદિરો અથવા જ્ઞાન ભંડારો આ ભારતવર્ષની ભૂમિ ઉપર વિરાજમાન હતા. ભારતના મહાન દેશના દરેક મોટા ભાગમાં દેવમંદિર, ધર્મમંદિર (ઉપાશ્રય) અને જ્ઞાનમંદિરની મોટા પાયા ઉપર પ્રતિષ્ઠા કરવામાં આવતી હતી. જેવી રીતે દેવમંદિરના અધિષ્ઠાયકને વિવિધ ઉપચારોથી પૂજવામાં આવે છે, તેવી રીતે જ્ઞાનના અધિષ્ઠાયકને ઉદ્દેશી જ્ઞાનની પૂજા કરવામાં આવે છે. જ્ઞાનમંદિરના અગ્રભાગે ચંદન, અક્ષત, પુષ્પ, ધૂપ અને દીપ વિધિ પ્રમાણે થતા હતા. તેવા જ્ઞાનમંદિરો સાંપ્રત કાળે વિલુપ્ત થઇ ગયા છે, તેનું કારણ માત્ર યવનલોકોનો રાજ્ય કારોબાર હોય, તેમ લાગે છે. તે શિવાય મિથ્યાત્વી રાજાઓના ગુરૂઓએ પણ જૈન જ્ઞાનમંદિરોનો મોટો પરાભવ કર્યો હતો. અને તેને લઇને ભારતવર્ષની જૈન જ્ઞાન સમૃદ્ધિ ભૂમિગૃહ

---

૧. પૂંઠા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ કારાગૃહમાં પૂરાણી પુરાણી કેટલીએક વિનષ્ટ થઇ ગઇ છે.

સાંપ્રતકાળે પશ્ચિમની ન્યાયી પ્રજાનું રાજ્ય ચાલે છે, કેળવણીનો મહાયુગ પ્રવર્તે છે, પ્રત્યેક જૈન ગૃહસ્થ જ્ઞાન મેળવવાના સાધનો પ્રાપ્ત કરી શકે છે. દરેક શેહેર અને સાધારણ મોટા ગામોમાં પણ જૈન પાઠશાલાની સ્થાપના કરવામાં આવે છે. ધાર્મિક અને સાંસારિક ઉદય કરવાના વિચારો કરવાની નાની મોટી સંસ્થાઓ ઉભી થઇ છે. આવા સમયમાં એકાદ **જ્ઞાનમંદિરની** પણ યોજના થવાની જરૂરીઆત છે.

ભારતવર્ષની અંદર જૈન પુસ્તકોના મોટા ભંડારો હશે; પણ તે બધા સારી સ્થિતિમાં નથી. તેમજ તેનો ઉપયોગ સર્વ જૈન વર્ગથી લઇ શકાતો નથી. તેથી કોઇ પ્રખ્યાત સ્થાનમાં જો મોટા પાયા ઉપર જ્ઞાનમંદિરની સ્થાપના કરવામાં આવી હોય અને તેના રક્ષણને માટે સારી યોજના કરેલી હોય તો ભારતવર્ષની જૈન પ્રજા તેનો સારો લાભ લઇ શકે. એ નિઃસંદેહ વાત છે. પ્રિય શ્રાવકો, તમારા સનાતન જૈન ધર્મનો આધાર જ્ઞાન ઉપર છે. જ્ઞાનની વૃદ્ધિ એજ ધર્મની વૃદ્ધિ છે અને જ્ઞાનની પડતી એ ધર્મની પડતી છે. એવું જાણી તે જ્ઞાનની પૂજા, પ્રભાવના અને સન્માનના કરવી, એ તમારૂં મુખ્ય કર્ત્તવ્ય છે. તમે ગમે તેટલા ચૈત્યો કરાવો, ગમે તેટલા ઉપાશ્રયો રચાવો, ગમે તેટલી ધર્મશાળાઓ બંધાવો, ગમે તેટલા કીર્ત્તિસ્તંભો ઉભા કરો પણ જ્યાંસુધી તમે ભારતની જૈન પ્રજાની સર્વ પ્રકારની ઉન્નતિના સાધનરૂપ જ્ઞાનના મંદિરો કરશો નહિં, ત્યાંસુધી તમે તમારા મુખ્ય કર્તવ્યમાંથી ભ્રષ્ટ થયા છો, એમ કહેવું. તે બીલકુલ અતિશયોક્તિ ભરેલું નથી. જ્ઞાનનો અનાદર કરી બીજા ધાર્મિક કાર્યો ગમે તેટલાં કરવામાં આવે, ગમે તેટલા ધાર્મિક ઉત્સવો ઉજવવામાં આવે તો પણ તે બધા અપૂર્ણજ છે, એમ સમજવાનું છે. મારા ધર્મ મિત્રો તમે વિચાર કરો કે, તમારા પૂર્વજ મહર્ષિઓએ અને ગૃહસ્થોએ ઈહલોક અને પરલોકના સુખ શાથી સંપાદન કર્યા છે? જ્ઞાનથીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપાદન કર્યાં છે. વર્ત્તતી ચોવીશીના છેલ્લા પ્રભુ વીર ભગવંતે ઉંચે સ્વરે જણાવ્યું હતું કે, " જો મારા શાસનની અસ્ખલિત ઉન્નત્તિ રાખવી હોય તો જ્ઞાન અને જ્ઞાનનાં સાધનોની પૂજા કરજો, તેમનું બહુ માન કરજો અને જ્ઞાનધારીઓને મોટો આદર આપજો. " સદ્ગુણી શ્રાવકો, જો તમારે સ્વર્ગીય સુખના આનંદનો અનુભવ કરવો હોય, તમારી માનસિક ઉન્નતિ સાધવી હોય, તમારા બધા મનોભાવ શુદ્ધ રાખવા હોય, અને તમારા હૃદયમાં ભવ્ય વિચારો લાવવા હોય તો તમારે જ્ઞાનની આરાધના કરવાને એકાદ જ્ઞાનમંદિરનું પવિત્ર સાધન સ્થાપિત કરવું જોઇએ. એ મંદિરના પ્રભાવથી તમે અને તમારા સંતાનો સર્વ પ્રકારની ઉન્નતિના શિખર ઉપર આવી શકશો. એટલુંજ નહિ પણ તેના પ્રભાવથી પરમેશ્વરના અગાધ પ્રેમ અને દયાની તમને કાંઈક ઝાંખી થશે, અને જિન ભગવંતના સ્વરૂપની સ્થિતિને યોગ્ય થવાનો પ્રયત્ન કરવાનો ઉત્સાહ આવશે. જેથી કરીને તમે આ સંસારના સર્વ દુઃખોનું વિસ્મરણ કરી કોઇ પવિત્ર અને ભવ્ય આનંદમાં નિમગ્ન થઇ શકશો. તેમજ તમારી શુદ્ધ ભાવનાઓ સતેજ થવાથી તમે એવા અધ્યવસાય પ્રાપ્ત કરશો કે જેના અતુલ બલથી છેવટે સિદ્ધશિલાના દિવ્ય આનંદ અનુભવવાને પણ ભાગ્યશાળી થશો.

અપુર્ણ.

# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

## [ દ્વિતીય દર્શન ].

પૂર્વ દિશા ગગનમણિ સૂર્યના પ્રકાશથી પ્રકાશમાન થઇ રહી હતી. જગત્ મોહમય નિદ્રામાંથી જાગ્રત થઈ વિવિધ પ્રકારની ક્રિયાઓમાં પ્રવર્ત્તી રહ્યું હતું. વિશ્વરૂપી વિદ્યાલયના અભ્યાસીઓ પોતપોતાના અભ્યાસમાં પરાયણ થઇ વિવિધ પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રની પ્રવૃત્તિ કરતા હતા. શુભાશુભ કર્મો જગત્‌ના જીવરાશિને આ વિશ્વની રંગ ભૂમિ ઉપર નચાવી રહ્યા હતા.

આવે સમયે બે દિવ્ય પુરૂષો જુદી જુદી દિશામાંથી આવી આકાશ માર્ગે અચાનક મલી ગયા. એક પુરૂષ સર્વ વિરતિના પવિત્ર ધર્મથી અલંકૃત હતો. અને બીજો પુરૂષ દેશ વિરતિના ધર્મથી સુશોભિત હતો. બંનેમાં ભેદ રહેલો હતો; તથાપિ તેમનો સંબંધ અભેદરૂપે દેખાતો હતો. એક શિવમાર્ગ ( મોક્ષ ) ની સમીપ પોહોંચવાને લાયક હતો, ત્યારે બીજો પરંપરાએ તેવી લાયકી ધરાવતો હતો.

આ બંને એક બીજાને જોઇ ખુશી થઇ ગયા. પરસ્પર તેમને હૃદયમાં દિવ્ય આનંદનો અનુભવ થવા લાગ્યો તેમનો આ બીજો સમાગમ હોવાથી તેઓએ એક બીજાને ઓળખી લીધા. તેમના પવિત્ર હૃદયમાં પુર્વનો સ્નેહ સ્મરણમાં આવ્યો, અને પરસ્પર અંતરની લાગણીઓ ઉપર પ્રેમની અપુર્વ છાયા પડી ગઇ.

પ્રિય વાચક વૃંદ, આ બંને દિવ્ય મહાશયોને તમે ઓળખ્યા હશે. તેઓનું પ્રથમ દર્શન કેટલોક સમય પેહેલા થયું હતું. તેઓ બંને જૈન પ્રજાના પરમ પુજ્ય અને માનનીય પુરૂષો છે. તેઓમાંથી એકનું નામ યતિધર્મ છે, અને બીજાનું નામ શ્રાવકધર્મ છે, બંનેના સ્વરૂપમાં ફેર છે. પણ પરંપરાએ બંને અભેદ રૂપને ધારણ કરનારા છે. શ્રાવક ધર્મ યતિધર્મ રૂપે બદલાઇ શકે છે. પણ યતિધર્મ શ્રાવક ધર્મ રૂપે થઇ શકતો નથી-એટલોજ તેમનામાં અંતર છે.

જેના હૃદયમાં દિવ્ય દયાનો પ્રકાશ પડી રહ્યા છે, અને જેના શરીરના રોમે રોમમાં શાંતિની છાયા પ્રસરી રહેલી છે, એવા શાંતમૂર્તિ યતિધર્મના ચરણમાં વંદના કરી, અને હૃદયમાં ઉત્તમ પ્રકારનો ભક્તિ ભાવ ધારણ કરી શ્રાવકધર્મ નીચે પ્રમાણે બોલ્યો—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રાવક ધર્મ**—મહાનુભાવ, શાતામાં છો? આપની સંયમ યાત્રા નિરાબાધ છે?

**યતિ ધર્મ**—ભદ્ર, દેવગુરૂના પ્રસાદથી શાતા છે અને સંયમયાત્રા નિરાબાધ છે. તમે તો કુશળ છો?

**શ્રાવક ધર્મ**—આપ મહાનુભાવના પ્રસાદથી કુશલ છું. તેમાં આજ વલી વિશેષ કુશલતા છે. મહાન્ પુરૂષોના દર્શનથીજ કુશલતા પ્રાપ્ત થાય છે.

**યતિ ધર્મ**—આમ ઉતાવળા કયાં જાઓ છો?

**શ્રાવક ધર્મ**—જે ધારણાથી જતો હતો, તે ધારણા અંહિંજ સફલ થઇ ગઈ.

**યતિ ધર્મ**—એવી શી ધારણા હતી?

**શ્રાવક ધર્મ**—સત્સમાગમ કરવાની ધારણા હતી, તે આજે આપના સમાગમથી સફલ થઇ ગઇ છે.

**યતિ ધર્મ**—તે શિવાય બીજી કાંઇ ઇચ્છા છે?

**શ્રાવક ધર્મ**—ભગવન્, પ્રથમ ઇચ્છા સત્સમાગમની છે તે મુખ્ય છે, અને બીજી ઇચ્છા મારા આશ્રિત વર્ગનો ઉદય સાંભલવાની છે, તે અવાંતર ફલ રૂપે છે.

**યતિ ધર્મ**—સત્સમાગમનું શું મહાત્મ્ય જાણો છો?

**શ્રાવક ધર્મ**—આપના પ્રસંગથી તેનું મહાત્મ્ય મેં વિસ્તારથી સાંભલ્યું છે.

**યતિધર્મ**—સત્સમાગમ કોને કહો છો?

**શ્રાવક ધર્મ**—આપ મહાનુભાવ સત્સમાગમનો અર્થ સારી રીતે જાણો છો, તેથી આપની આગલ તે વાત કરવી તે પુનરૂક્તિ જેવું છે.

**યતિ ધર્મ**—તથાપિ તમારા મુખથી તે જાણવાની ઇચ્છા થાય છે.

**શ્રાવક ધર્મ**—મહાનુભાવ, જે સમાગમથી જ્ઞાન વૃદ્ધિ પામે, વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજાય, આ સંસારની આપત્તિઓમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકત રહેવાય, અંતઃકરણમાં સદા શાંતિની ધારા વહ્યા કરે, વિષયોના વિકારના અભાવને અનુભવવાનું બલ જાગ્રત રહે, આપણા કર્ત્તવ્યથી ભ્રષ્ટ ન થવાય, શુદ્ધ સમ્યકત્વ નિરાબાધ રહે, ચારિત્ર ગુણ ઉપર ઉત્તમ પ્રકારની આસ્તા થાય અને આત્માના સ્વરૂપનો બોધ થાય, તે સર્વોત્તમ એવો સત્સમાગમ કહેવાય છે.

**યતિ ધર્મ**--વાહ ! સત્સમાગમનું સ્વરૂપ ઘણી સારી રીતે દર્શાવ્યું.

**શ્રાવક ધર્મ**—એ આપનોજ પ્રસાદ છે.

**યતિ ધર્મ**—હવે શી ઇચ્છા છે?

**શ્રાવક ધર્મ**—ભગવન્, મારા અશ્રિત જૈન વર્ગનો ઉદય કેવી રીતે થાય? અને તેઓની અંદર પેશી ગયેલો અવસર્પિણી કાલનો ઘાતકી દૂત કયારે તેઓનાથી દૂર રહે? તેને માટે મારો પ્રયાસ છે; પણ તે પ્રયાસ સફળ થવો એ તમારા હાથમાં છે. આપની ઉપદેશ રૂપ સહાયવિના મારો આશ્રિત વર્ગ ઉન્નતિના શિખરને કદિપણ જોઇ શકવાનો નથી.

**યતિ ધર્મ**--એ અવસિર્પિણી કાળનો દૂત કોણ છે ?

**શ્રાવક ધર્મ**—ભગવન્, તે ઘાતકી દૂતનું નામ લેતાં પણ કંપારી છુટે છે, આપના જેવા પવિત્ર પુરૂષની આગળ તેનું નામ લેવું પણ અયોગ્ય છે. તે છતાં આપની આજ્ઞા પ્રમાણે મારે કહેવું જોઇએ. તે અવસર્પિણી કાળના દૂતનું નામ **કુસંપ** છે. તેણે મારા શ્રાવક વર્ગની ઊન્નતિનું શિખર તોડવા માંડયું છે. ભગવન્, તેમાંથી સર્વની રક્ષા કરો.

**યતિધર્મ**—(મુખ ઊપર ગ્લાનિ લાવીને) ભદ્ર, જેને માટે તું આટલો અપશોષ કરે છે, તે ઘાતકી દૂત મારા આશ્રિતોમાં પણ કેટલેક અંશે પેશી ગયો છે. ચારિત્રથી અલંકૃત થયેલા કેટલાક મુનિઓ માંહોમાંહે દ્વેષ, ઇર્ષ્યા અને અસૂયા કરવા લાગ્યા છે. આર્હત ધર્મની અક્ષયકીર્તિને કુસંપે કલંકિત કરી દીધી છે. તથાપિ તેનાથી બચવાના ઉપાયો શોધનારા કેટલાએક સુજ્ઞમુનિઓએ સંપાદન કરવા માંડયા છે, એ પૂર્ણ હર્ષની વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રાવક ધર્મ**—મહાનુભાવ, પ્રાયે કરીને આપનો આશ્રિત વર્ગ પોતાના દોષ દૂર કરવાને સમર્થ થઇ શકે તેવોજ હોય છે, કારણ કે, ચારિત્રનો પ્રભાવ અલૌકિક છે; પણ મારા આશ્રિત વર્ગના દોષ દૂર થવા મુશ્કેલ છે. કેમકે, તેઓ સંસારની પીડામાં રહેલા હોવાથી કામ, ક્રોધ, લોભ અને મોહના તેમજ છલકપટના અનેક જાતના પ્રસંગો તેમની આગળ આવ્યા કરે છે, આથી તેઓની આંતર વૃતિ નિર્દોષ થવી મુશ્કેલ છે. જો આપ મહાશય કૃપા કરો તોજ મારા આશ્રિતોનો ઊદ્ધાર થાય તેમ છે. નહિં તો તેમની પાયમાલીજ થતી જશે.

**યતિ ધર્મ**—ભદ્ર, તેવી ચિંતા કરો નહિં. વર્તમાન સમયમાં અવસર્પિણી કાલમાં કાંઇ ઉદયના ચિન્હો પ્રગટ થઇ ગયા હોય તેવું દેખાય છે.

**શ્રાવક ધર્મ**—ભગવાન્, આ અવસર્પિણી કાલમાં ઊદયના ચિન્હ શી રીતે પ્રગટ થયા છે?

**યતિ ધર્મ**—વર્તમાન કાલેં ભારત વર્ષની જૈન મહા પરિષદ (કોન્ફરન્સ) પોતાનો વિજય દર્શાવતી જાય છે, એજ અવસર્પિણી કાલે ઉદયના ચિન્હ જેવું છે. વિજયવતી કોન્ફરન્સે જૈન ધર્મની, જૈન સંસારની, જૈન જ્ઞાનની અને જૈન આચારની પ્રાચીન મહત્તા દર્શાવી તેને પુનઃજાગ્રત કરવાને ભારે મથન કરવા માંડયું છે, અને ઇતર ધર્મના જન સમૂહની આગલ જૈન ધર્મની સર્વોત્કૃષ્ટતા દર્શાવી આપી છે.

**શ્રાવક ધર્મ**—ભગવન્, આપ કહો છો, તે યથાર્થ વાત છે. રાજનગરની પવિત્ર ભૂમિ ઉપર જૈન કોન્ફરન્સે જે કામ બજાવ્યું છે, તે અવર્ણનીય છે.

**યતિ ધર્મ**—મિત્ર, તે વખતે તમે કયાં હતા?

**શ્રાવક ધર્મ**—મહાનુભાવ, હું તે કોન્ફરન્સના મંડપના ડાબી તરફ રહ્યો હુતો. મેં દૂરથી આપના દર્શન કર્યાં હતાં. આપની દ્રષ્ટિ તે મંડપની શોભા જોવામાં તલ્લીન થયેલી હતી, એટલે તે મારી તરફ આવતી ન હુતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યતિ ધર્મ**—ભદ્ર, મારી દ્રષ્ટિ કેવળ મંડપની શોભામાં તલ્લીન ન હતી, પણ રખેને આવા મનોહર મંડપમાં અવસર્પિણી કાલનો દૂત (કુસંપ) પેશી જાય, એ જોવામાં પણ રોકાએલી હતી.

**શ્રાવક ધર્મ**—મહાશય, શું હજુ પણ આપણે તે દૂતનો ભય રાખવાનો છે? હવે તો જૈન કોન્ફરન્સે આગલ વધવા માંડયું છે. અનગાર અને સાગાર-બંને વર્ગ એક થઇ તે ભારતની જૈન મહા પરિષદ્નો વિજય કરવા તત્પર રહેતા જાય છે. આવા વખતમાં એ દૂતનો ભય હવે શા માટે રાખવો જોઇએ?

**યતિ ધર્મ**—ભદ્ર, મને હજુ મારા આશ્રિતોનો વિશ્વાસ નથી. એ વિજયવતી કોન્ફરન્સનો જેટલો ઉદય મારા અનગાર વર્ગ તરફથી થઈ શકે તેટલો ઉદય બીજા ગૃહસ્થ વર્ગથી થઇ શકે તેમ નથી. તેવીજ રીતે તેનો જેટલો અસ્ત મારા અનગાર વર્ગથી થઇ શકે તેટલો બીજાથી થઇ શકે તેમ નથી.

**શ્રાવક ધર્મ**—શું એ કુસંપરૂપી દૂત તમારા અનગાર વર્ગમાં પેઠો છે?

**યતિ ધર્મ**—હા, તેણે મારા વર્ગમાં પણ કેટલેક અંશે પગ પેસારો કર્યો છે અને કેટલાક મારા આશ્રિતો તેના ભોગ થઇ પડવાથી કોન્ફરન્સના પવિત્ર કાર્યમાં પણ તે જોઇએ તેટલી મદદ આપી શકતા નથી.

**શ્રાવક ધર્મ**— ભગવન્ મુનિઓમાં એ દોષ ન હોવો જોઇએ. ચારિત્ર ધર્મના ધારક અને સામ્ય રસના સંપાદક-સમદર્શી જૈન મુનિઓ જ્યારે તેવા મલિન દોષથી દૂષિત થાય તો, પછી મારા આશ્રિત બીચારા ગૃહસ્થોનો શો દોષ? તે લોકો તો સંસારી છે અને આ સંસાર કષાય વગેરે દોષોથી ભરપૂર છે. તે છતાં તેવા દોષને ધારણ કરનારા સંસારી ગૃહસ્થો 'શ્રાવક' એવા પવિત્રનામને લાયક નથી. વારૂ ભગવન્, મુનિઓ એવા દોષથી દૂષિત છે, એ વાત તમે કયાંથી જાણી?

**યતિ૦**—એ વાત વિસ્તારથી કહેવી તે મને યોગ્ય લાગતું નથી.

**શ્રાવક૦**—મહારાજ, શું સર્વ મુનિઓમાં એ દોષ પેશી ગયો છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યતિ૦**—ભદ્ર, ના, તેમ નથી. હજુ ઘણા પવિત્ર મુનિઓ તે દોષમાંથી મુકત છે. કેટલાએક મહામુનિઓ મારો આશ્રય કરી ચારિત્રને દીપાવે છે. જૈન ધર્મથી ઉન્નતિ કેમ થાય તેવા વિચારો કરી લોકોને ઉપદેશ આપે છે. અનેક જાતના પરીષહો સહન કરી દુષ્પ્રવેશ દેશોમાં વિહાર કરે છે. જૈન જ્ઞાન સમૃદ્ધિની વૃદ્ધિને માટે જૈન પાઠશાળાઓ, જૈન કન્યાશાળાઓ અને જૈન પુસ્તકાલયો સ્થાપે છે. જીર્ણ થઇ ગયેલા ગ્રંથોને મુદ્રિત કરી તેમનો ઉદ્ધાર કરે છે અને ધર્મની સંસ્થાઓને સારી સ્થિતિમાં લાવવાને ઉત્તમ ઉપદેશ આપે છે.

**શ્રાવક૦**—ભગવન્, તમારા આ વચન સાંભળી હૃદયમાં મને સંતોષ થયો. અને મારી ચિંતા ઓછી થઈ ગઈ છે. જ્યાં સુધી એવા પવિત્ર મુનિઓ આ ભારત વર્ષ ઉપર વિચરેછે ત્યાં સુધી આર્હુત શાસનની ઉન્નતિને માટે જરાપણ શંકા કરવા જેવું નથી.

**યતિ૦**—ભદ્ર, એટલા બધા હજુ નિશ્ચિંત થશો નહિં. કારણ કે કેટલાક મારા આશ્રિતો ઉપર કહેલા કામ કરતા હોય છે, પણ તેમના હૃદયનો હેતુ જોઇએ તેટલો શુદ્ધ હોતો નથી. તેમાં પણ પોતાનો ઉત્કર્ષ અને બીજાનો અવકર્ષ થાય તેવી તેમની કેટલેક અંશે ધારણા હોય છે.

**શ્રાવક૦**—ત્યારે તો હે મહાનુભાવ? એ જૈન મહા પરિષદનો વિજય અને કુસંપનો નાશ તે શી રીતે થઇ શકશે ?

**યતિ૦**—બંધુ મારો તમામ આશ્રિત વર્ગ એકત્ર થઇ તમારા આશ્રિત વર્ગને એ મહાન પવિત્ર પરિષદના કાર્યને ઊપદેશદ્વારા સમજાવશે અને તેમાં ચર્ચાતા કાર્યોનો અમલ કરાવશે ત્યારે થશે. યતિ ધર્મના આ વચનો સાંભળી શ્રાવક ધર્મ શોકાતુર થઇ ગયો એટલે યતિધર્મે કહ્યું, મિત્ર, વધારે શોક કરીશ નહિં. આજે તને બીજી એક આનંદદાયક વાત કહી સંભલાવું. જે સાંભલી તારો અંતરાત્મા આનંદ પામશે.

(અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વકીલત્રિભુવનદાસ ઓધવજી બી. એ, એલ. એલ, બી. એ અમદાવાદ જૈન કોન્ફરન્સમાં "કેળવણી" એ વિષય ઉપર આપેલા ભાષણનો

# ટુંક સાર.

કેળવણી એટલે શું? કોઇ પણ વસ્તુમાં છતા પણ અપ્રગટ ગુણોને યોગ્ય સાધનથી પ્રગટ કરવા તેનું નામ કેળવણી. હાલમાં યુરોપ અમેરિકાના વિદ્વાન ખેડુતો ઉપર દેખાતા એક જમીનના કટકાને લઇને તેને ખાતર વિગેરે યોગ્ય સાધનોથી અતિ ફળદ્રુપ બનાવે છે, તેમ દરેક જીવમાં જે શક્તિઓ અપ્રગટપણે રહેલી છે તેને મહેનતથી પ્રગટકરવી તેનું નામ કેલવણી. દરેક જીવમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એવા મૂળ ગુણો હસ્તિ ધરાવે છે. તો તે મૂળ ગુણોને પ્રગટ કરવાનું કામ કેળવણીનું છે. જ્ઞાન એવા પ્રકારનું અપાવું જોઇએ કે તેની પછવાડે દર્શન અને ચારિત્ર ચાલ્યુ આવે. ચારિત્ર જ્ઞાનની તદનુરૂપ થાય એપ્રકારે કેલવણી અપાવી જોઇએ. જ્યાં સુધી ચારિત્ર જ્ઞાનની તદનુરૂપ નથાય ત્યાં સુધી it is mere show of knowledge---it is beauty without sublimity. દેખીતું સૌન્દર્ય પણ શ્રેષ્ટતા રહિત. "Mind without heart, intelligence without conduct, cleverness without goodness are powers in their way, but they may be powers only for mischief." જુઠું ન બોલવું, શા માટે? લોકમાં અપજશ મળે તે માટે. આ પ્રમાણે નિશાળોમાં બાળકોને શીખવવામાં આવેછે' પરંતુ તે ઉપરાંત એમ શીખવવામાં આવે કે જુઠું બોલવાથી પરજીવ હિંસા થાયછે; અને વળિ જ્યાંજુઠું બોલવાથી ધારો કે બોલનારને કે બીજાને પૌદ્દગલિક નુકસાન ન થતું હોય તોપણ બોલનારના આત્માને હાનિ થાયછે, આત્માની ઉન્નતિને બદલે અવનતિ થાયછે એમ શીખવવું જોઇએ. જેથી કોઇ પણ રીતે જુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કું ન બોલાય એવું ચારીત્ર થાય. આવા પ્રકારનું ધર્મ શિક્ષણ દરેક સ્કૂલમાં અપાતું હોય તો પછી વિશ્વાસઘાત આદિ ગુન્હાઓ થતા અટકે અને સરકારને પણ કોર્ટો નીભાવવાનો ખર્ચ ઘણે ભાગે ઓછો થાય.

આહાર નિદ્રા ભય અને મૈથુન એ passions સર્વ જીવોને, મનુષ્યોને તેમજ પક્ષીઓને સરખી રીતે છે. પરંતુ કેલવણીનો હેતુ તે સમાન plane ઉપરથી મનુષ્યોને ઉંચે લઇ જવાનો છે. તે એટલે સુધી કે લાંબે વખતે પણ મોક્ષ પ્રાપ્તિ થાય. કહ્યું છે કે **मोक्षाग्रद्वारभूतं श्रुतम्.**

બાળકોને કેળવવામાં પ્રથમ સિદ્ધાંત એ લક્ષમાં રાખવાનો છે કે બાળકોને શિખવવું પડતું નથી પરંતુ તે પોતાની મેળે શીખે છે. તે એટલે સુધી કે જેટલું તે પોતાની બાળવયમાં શીખે છે તેની આગળ પોતાની બાકીની જીંદગીમાં શીખેલ કશી ગણતરીમાં નથી. દરેક માબાપ પોતે સારી રીતે વર્તતા હોય તો બાળક પણ સારી રીતે વર્તતા શીખે. માટે 'Improve thyself' તમેજ સુધરો એ વચન દરેક માબાપે ધ્યાનમાં રાખવાની જરૂર છે.

'તોબેહુનસુહ' નામના પુસ્તકમાં મેં વાંચ્યું છે કે બચ્ચાંઓને તેમના માબાપ ધર્મક્રિયામાં સાથે જોડતા. જો આમ થાય તો સહેલાઇથી બાળકો ધર્મ ઉપર રૂચિકર થાય.

આપણી જ્ઞાનશાળાઓ નિઃસ્વાર્થ બુદ્ધિના ધર્મિષ્ટ વિદ્વાનોની જાતિ દેખરેખ નીચે ચલાવવાની હોય તો તેથી ઘણો લાભ છે. પગારદાર શિક્ષકો કરતાં કેવળ પરમાર્થવૃત્તિએજ કામ કરનારા હોય તે વ્યવસ્થા વધારે લાભકારક છે. આવી જ્ઞાનશાળા ભાવનગરમાં મેહેરબાન શેઠ કુંવરજી આણંદજીની જાતિ દેખરેખથી ચલાવવામાં આવતી હતી. અને પોતેજ શિક્ષક હતા. અને તે શાળામાં મારી સાથે અનેક બાળકોએ ધર્મ સંબંધી જ્ઞાનનો લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સીરીઝ વિશે અગાઉની કોન્ફરન્સમાં ઠરાવ થયો છે તેવી સીરીઝોમાં ધાર્મિક પુરૂષોના ચરિત્રો તથા સતીઓના ચરિત્રો મૂકવાથી ઘણો લાભ થશે. નાના બાલકોને કથાદ્વારાજ સારી રીતે શિક્ષણ આપી શકાશે. હવે સીરીઝની બાબતમાં એક વિદ્વાનના હાથે સઘળી સીરીઝ થવા કરતાં એક એક પુસ્તક અથવા એક એક વિષય ઉપર પાંચ પાઠ એક વિદ્વાન લખે એમ કામની વહેંચણી કરી દેવામાં આવે તો અનેક વિદ્વાનોની બુદ્ધિનો આપણને લાભ મળશે અને કામ જલદી થઇ શકશે.

હવે હું દષ્ટિદ્વારા શિક્ષણ માટે સૂચના કરૂં છું કે દરેક પાઠશાળા અને સ્કુલની દીવાલો ઉપર ધર્મવીર પુરૂષોના અને સરસ્વતી આદિ દેવીઓના ચિત્રો ટાંગવાં તથા કાર્ડ ને બોર્ડ ઉપર લખેલાં હિતશિક્ષાના વાકયો પણ ફરતાં ટાંગવા; જેથી બાળકોના મન ઉપર વગર બોલે અને સહેલાઇથી સારી છાપ પડશે. આ પ્રસંગે હું દ્રષ્ટિદ્વારા કેળવણીના સંબંધમાં કેહેવાની રજા લઉં છું કે, This conference meeting itself is a school for educating the assembled for three days. આ મહાન મેળાવડો આપણને શિખવે છે કે લક્ષ્મી ચપળ છે, આયુઃ ચંચળ છે, તો લક્ષ્મીનો ઉપયોગ નિરાશ્રિતોને આશ્રય આપવામાં, જ્ઞાન ભણવા ભણાવવાના કાર્યો સહેલાં કરી આપવામાં, તીર્થોદ્ધાર કરવાંમાં અને પાંજરાપોળનિભાવવામાં કર્યો હોય તો તે સદુપયોગ ગણાય. ખરેખર આ કોન્ફરન્સના મેલાવડાથી એવા છાના ફેરફારો આપણા હૃદયમાં થયા છે અને થાય છે કે તેની અત્યારે આપણે કલ્પના કરી શકીશું નહિ. પરંતુ લાંબે સમયે પણ આપણને ઘણો લાભ પ્રગટ જણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિદ્ધસૂરિ પ્રબંધ.

( ગયા અંકના પૃષ્ટ ૨૩૭ થી શરૂ ).

વિદ્વાન્ સિદ્ધસૂરિએ મહાબોધ નગરમાં રહી બૌદ્ધ લોકોના શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પોતાની બુદ્ધિના પ્રભાવથી થોડા વખતમાં બૌદ્ધ સિદ્ધાંતના પારગામી થયા. બૌદ્ધ દર્શનના હેત્વાભાસોના હૃદયંગમ લેખો વાંચી તેઓ મનમાં ચમત્કાર પામી ગયા. પ્રપંચી બૌદ્ધ મુનિઓએ તેમને એવી યુક્તિથી સમજાવ્યા કે, જેથી તેમની શ્રદ્ધા ફેરવાઇને બૌદ્ધ ધર્મ પર લાગી ગઇ. તેમના હૃદયમાં જે આર્હત ધર્મની પ્રૌઢ ભાવના હતી, તે દૂષિત થઇ ગઇ. પછી તેમણે બૌદ્ધ દીક્ષા ગ્રહણ કરી. અને તે ધર્મના યતિ લિંગ ધારણ કર્યા. પવિત્ર અને સ્યાદ્વાદ સિદ્ધાંતના જ્ઞાતા જૈન મુનિ વિશ્વમાં પ્રપંચશાસ્ત્ર વડે પ્રખ્યાત થયેલા બૌદ્ધ લોકોના ધર્મગુરૂ થયા. રાજહંસ કાક પક્ષિની પંક્તિમાં બેશી ગયો. "**કર્મની ગતિ વિચિત્ર છે.**" એક વખતે બૌદ્ધાચાર્યે સિદ્ધસૂરિને બોલાવી કહ્યું,—શિષ્ય તારી બુદ્ધિ, તારી વિદ્વતા અને તારી ધાર્મિક વૃત્તિ જોઇ અમને ઘણોજ સંતોષ થાય છે. તેથી તને હવે આચાર્ય પદવી આપવાની અમારી ઇચ્છા થઇ છે, માટે આવતી કાલે મોટા ઉત્સવ પૂર્વક તને આચાર્ય પદવી આપીશું. પોતાના ગુરૂના આવા વચન સાંભલી સિદ્ધે હૃદયમાં વિચાર કર્યો કે, " મારે કૃતજ્ઞ થવું જોઇએ. જેમણે મારી ઉપર મોટો ઉપકારકર્યો છે, તેવા ગર્ગાચાર્યને મારે ભુલી જવા ન જોઇએ. વલી આપેલું વચન પાળવું તે સજ્જનનો ધર્મ છે. મેં મારા પૂર્વોપકારી ગુરૂને વચન આપ્યું છે કે, હું એકવાર આપની પાસે આવીશ. માટે હવે એક વખત તે મહાનુભાવની પાસે મારે જવું જોઇએ" આવો વિચાર કરી સિદ્ધે બૌદ્ધાચાર્યને વિનંતિ કરી કે મહાનુભાવ, મને મારા પૂર્વના આચાર્યની પાસે એકવાર જવાની આજ્ઞા આપો. મેં તેમને વચન આપેલું છે. તેમની પાસે જઇ આવ્યા પછી હું આપની પાસે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી આચાર્ય પદવી ગ્રહણ કરીશ. સિદ્ધનો આવો વિચાર જાણી બૌદ્ધાચાર્ય વિચારમાં પડયા. પણ છેવટે તેમને ખાત્રી થઇ કે "સિદ્ધની શ્રદ્ધા હવે કદિપણ ફરે તેમ નથી. બૌદ્ધની તત્વવિદ્યામાં તે મોહિત થઇ ગયો છે. બૌદ્ધ તર્કવિદ્યા એ તેની મનોવૃત્તિને ઘણીજ આકર્ષી છે. જૈનોનું તત્વ જ્ઞાન બૌદ્ધના ચમત્કારી જ્ઞાનથી કદિપણ ચડે તેમ નથી" આવી ખાત્રી થવાથી બૌદ્ધાચાર્યે સિદ્ધને તેના પુર્વોપકારી ગર્ગાચાર્યની પાસે જવાની અનુમતિ આપી. પછી સિદ્ધ બૌદ્ધ લિંગ ધારણ કરી ગર્ગાચાર્યની પાસે આવ્યા. આવીને તેમને જણાવ્યું કે, મેં બૌદ્ધ દીક્ષા લીધી છે, બૌદ્ધ મુનિ અન્ય દર્શની મુનિઓને વંદના કરતા નથી. તેથી હું આપને વંદના કરી શકતો નથી, તથાપિ આપના પૂર્વોપકારને સંભારી આપના દર્શનથી હૃદયમાં હર્ષ પામું છું. આવા વચન સાંભળી ગર્ગાચાર્ય પોતાના શિષ્યને ભ્રષ્ટ થયેલો જોઇ મનમાં પરિતાપ પામ્યા અને તેનો શો ઉપાય કરવો તેને માટે મનમાં વિચારવા લાગ્યા. ગર્ગાચાર્યને વિચાર કરતા જોઇ સિદ્ધે કહ્યું, કે. " બીજો કાંઇ વિચાર કરશો નહિ. હું ફકત મારી પ્રતિજ્ઞાની ખાતર આપની પાસે આવ્યો છું. હવે સત્વર મારા બૌદ્ધ ગુરૂ પાસે જઇશ. સિદ્ધનાં આવાં વચન સાંભળી ગર્ગાચાર્યે કહ્યું, ભદ્ર, હવે તમને કાંઈ કહેવાનું નથી. આ આસન ઉપર બેસો, અને હું બાહેર જઇને આવું ત્યાં સુધી તમો આ ગ્રંથ વાંચજો. એમ કહી તેમને હરિભદ્ર સૂરિએ રચેલી ચૈત્યવંદન સૂત્રની **લલિત વિસ્તરા** નામની ટીકાની પરત આપી તેઓ બાહેર ગયા.

વિદ્વાન સિદ્ધસૂરિને લલિત વિસ્તરા વાંચતા હૃદયમાં આનંદ ઉપજ્યો. આર્હત ધર્મના પૂર્વના સંસ્કારો પુનઃ જાગ્રત થઇ ગયા. પ્રભુભક્તિનો પ્રભાવ તેના આસ્તિક હૃદયપર પ્રસરી ગયો. અને તે ભક્તિમય ઊત્તમ ભાવના ભાવવા લાગ્યા. તેના મનમાં એવો વિચાર સ્ફુરી આવ્યો કે, અરે!! મેં નિર્બુદ્ધિએ આ શું કાર્ય આરંભ્યું છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"આ જગત્‌માં મારા જેવો મૂર્ખ કોઇ નહીં હોય ? ચિંતામણિનો ત્યાગ કરી હું કાચનો કટકો લેવા ગયો. કલ્પવૃક્ષની છાયા છોડી હું બાવળની છાયે ઉભો રહ્યો. આ ગ્રંથ ગુરૂમહારાજે મારા હાથમાં આપી ખરેખર મને આ ભવસાગરમાંથી ડુબતો બચાવ્યો છે. અહા ! એ મહાનુભાવ ગર્ગાચાર્યની કેવી પરોપકાર બુદ્ધિ, કેવી નિરવધિ દયાળુતા, કેવી દીર્ઘ દર્શીતા, અને કેવી મહત્તા ! આ વખતે પણ તેઓએ પોતાની ઉદાર મનોવૃત્તિ દર્શાવી આપી છે. અરે ! મારામાં કેવી અધમતા કે હું તે મહોપકારીના ઉપકારને ભુલી ગયો ? મેં તેમને આવીને વંદના પણ કરી નહીં ! બૌદ્ધ લોકોએ મને ઘણોજ છેતર્યો. તેઓની ધૂર્ત્તતાને હું પોહોંચી શકયો નહિં. અરે મૂર્ખ સિદ્ધ, તું ખરેખરો અવિચારી છે, તારા ઉપકારી ગુરૂએ સૂચના આપ્યા છતાં તું અન્ય દર્શનના મોહજાળમાં ફસી પડયો છે. ઉપકારને બદલે અપકાર કરનારા પુરૂષોમાં તું પ્રથમ પદ ધરાવે છે." આ પ્રમાણે આત્મનિંદા કરતાં સિદ્ધસૂરિ ઘણોજ પરિતાપ પામ્યા. પછી તેઓ લલિત વિસ્તરા ગ્રંથની સામે જોઇ કહેવા લાગ્યા. અહા ! આ કેવો મનોહર ગ્રંથ છે ? સ્તુતિના પ્રત્યેક શબ્દ ઉપર કેવું અર્થ ગૌરવ દર્શાવ્યું છે. તે સાથે પ્રાસાદિક ગુણ કેવા સુંદર દેખાય છે? આવા ઉત્તમ ગ્રંથો બીજા દર્શનમાં કયાંથી મલે ? આવો ઉત્તમ વાણીનો વિલાસ ઘણો દુર્લભ છે. આ ગ્રંથ વાંચવાથી શરીરના રોમે રોમમાં ભક્તિરસ અને શાંતરસ પ્રસરી જાય છે. આ ગ્રંથેજ મારા જીવનને સુધાર્યુંછે. જો આ ગ્રંથ રૂપ સુંદર નાવ મને મલ્યું ન હોત તો હું આ અનંત સંસારરૂપ સાગરમાં ગોથાં ખાધા કરત. વળી આ ગ્રંથ મહાન્ ઉપકારી શ્રી હરિભદ્ર સૂરિજીએ બનાવ્યો હોય, એમ મને ભાસે છે. તે મહાનુભાવ જો કે ભારત વર્ષની જૈન પ્રજાના મહાન્ ઉપકારી છે, તથાપિ સર્વના કરતાં તેઓ મારા તો અવશ્ય ઉપકારી થયા છે. આ પ્રમાણે કહી સિદ્ધસૂરિ એકદમ નીચેનો શ્લોક બોલી ઉઠયા.

" विषं विनिर्धूय कुवासनामयं ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्यचीचरद्यः कृपया मदाश्रये ॥
अचिंत्यवीर्येण सुवासनासुधां ।
नमोऽस्तु तस्मै हरिभद्रसूरये " ॥ १ ॥

"જેમણે કૃપા કરી પોતાના અચિંત્ય પરાક્રમ વડે મ્હારા નઠારી વાસનામય ઝેરને ઊતારી મારામાં સારી વાસના રૂપ અમૃત રેડયું તેવા શ્રી હરિભદ્ર સૂરિને નમસ્કાર હો." ૧

આ પ્રમાણે નવીન શ્લોકથી વિશ્વોપકારી ગુરૂ હરિભદ્ર સૂરિને પ્રણામ કરી, વિદ્વાન સિદ્ધસૂરિ એ પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો કે, "મારા પરમપૂજ્ય ગુરૂ શ્રી ગર્ગાચાર્ય જ્યારે બાહેરથી પધારે ત્યારે તેમના ચરણમાં મસ્તક નમાવી હું મારા સર્વ પાપની આલોયણા લઊં અને મારા જીવનના અવશિષ્ટ ભાગને સમ્યકત્વ રૂપ અમૃતના કુંડમાં આરોપીત કરી તેની સાર્થકતા કરૂં." આ પ્રમાણે સિદ્ધસૂરિ વિચાર કરતા હતા, ત્યાં ગર્ગાચાર્ય બાહેરથી પધાર્યા. ગુરૂને જોતાંજ તેનું શરીર રોમાંચિત થઇ ગયું અને હૃદયમાં આનંદ થઇ આવ્યો. સિદ્ધસૂરિએ ગુરૂના ચરણ કમલમાં દંડવત્ પ્રણામ કર્યા અને હર્ષાશ્રુ વર્ષાવતા કહ્યું, ભગવન્, આ હરિભદ્ર સૂરિનાગ્રંથરૂપી સૂર્યે મારા હૃદયમાં વાસ કરી રહેલા બૌદ્ધ મત રૂપ અંધકારને દૂર કર્યું છે, તેણે મને દુરાચારરૂપ ઘોર નિદ્રામાંથી જાગ્રત કર્યો છે. હવે આપ કૃપા કરી મારા દુર્ધ્યાનનું પ્રાયશ્ચિત્ત આપો. પોતાના પ્રિય શિષ્યના વિચાર ફેરવાઇ ગએલા જોઇ ગર્ગ મુનિના હૃદયમાં આનંદ વ્યાપી ગયો. તરતજ તેમના નેત્રમાંથી હર્ષાશ્રુ વર્ષવા લાગ્યાં. આનંદના અશ્રુઓથી તેમણે પોતાના ઊતરીય વસ્ત્રને ભીંજાવી નાંખ્યું. પછી ગર્ગ મુનિ બોલ્યા–વત્સ, હવે ખેદ કરીશ નહીં. આ જગત્માં ધૂર્ત્ત લોકોના વચનોથી મોટા બુદ્ધિમાન વિદ્વાનો પણ ઠગાયછે. ધૂર્ત્ત લોકોના પ્રપંચ જાલમાં કયો પુરૂષ ફસાયો નથી? ભદ્ર, તેં તારા જીવનને છેવટે સુધાર્યું છે. તારી મનોવૃત્તિની મલિનતા હવે તદન નાશ પામી ગઇ છે. મારા હૃદયમાં તારે માટે હમેશા શંકા રહ્યા કરતી હતી, તે આજે દૂર થઇ ગઇ છે. તારો ઉદ્ધાર થવાથી મારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન નિઃશંક થયું છે. તારા જેવો સમર્થ જૈન વિદ્વાન આર્હત ધર્મમાંથી ભ્રષ્ટ થઇ માયાવી બૌદ્ધોની ધૂર્તતાનો ભોગ થઈ પડે એ મને ઘણુંજ હીનપણુ લગાડનારૂં હતું. એટલુંજ નહીં પણ ભારત વર્ષમાં પ્રખ્યાતિ પામેલા વીર શાસનના ઊદ્યોતને તે ઝાંખપ લગાડનારૂં હતું. વત્સ, તારા જેવો પ્રભાવિક પુરૂષ આર્હત ધર્મનો અનાદર કરી પરધર્મનો અંગીકાર કરે એ બનાવ જૈન મુનિમંડલના ઇતિહાસને હંમેશને માટે કલંકિત કરત." આ પ્રમાણે કહી ગર્ગસૂરિએ સિદ્ધસૂરિને પ્રાયશ્ચિત્ત આપ્યું. પ્રાયશ્ચિત્ત લઈ પુનિત થયેલા સિદ્ધસૂરિ પછી આર્હત ધર્મમાં અતિશય દૃઢતાવાલા થયા. સિદ્ધસૂરિની ઊત્તમ પ્રકારની દૃઢતા જોઈ ગર્ગમુનિએ તેને પોતાની પાટે સ્થાપન કર્યા પછી એવા વિદ્વાન શિષ્યને ધર્માસનપર સ્થાપિત કરી આત્માને કૃતાર્થ માનનારા ગર્ગાચાર્યે અનશન લઇ સ્વર્ગારોહણ કર્યું. ગર્ગાચાર્યના સ્વર્ગારોહણ પછી સિદ્ધસૂરિએ પોતાનું ધર્મશાસન ભારત ઊપર સારી રીતે ચલાવ્યું હતુ. તેમના સમયમાં શાસનની ઊન્નતિ ઘણી થઇ હતી. તેમનો રચેલો ઉપમિતભવપ્રપંચ કથાનોગ્રંથ ભારતની જૈનપ્રજામાં ભારે માન્ય થઇ પડયો છે. સ્યાદ્વાદ સિદ્ધાંતના સમર્થ વિદ્વાનો અને તત્ત્વજ્ઞાનીઓ એ ગ્રંથને પ્રેમથી વાંચે છે અને તે દ્વારા લોકોને ઊપદેશ આપે છે. કેટલાએકવિદેશી વિદ્વાનો તેમની કૃતિ વાંચી એટલાબધા પ્રસન્ન થતા કે તેઓ ખાસ સિદ્ધસૂરિ જયાં વિચરતા હોય, ત્યાં તેમની પાછળ તેમના પવિત્ર દર્શન કરવાને આવતા હતા.

મહાનુભાવ સિદ્ધસૂરિ વીરશાસનનો વિજય પ્રવર્ત્તાવી, જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસને અલંકૃત કરી અને ભારતની જૈન પ્રજાને માટે પોતાની ગ્રંથ સમૃદ્ધિનો મોટો વારસો મુકી વિક્રમ સંવત ૯૫૨ માં સ્વર્ગે ગયા હતા. તેમનું સ્વર્ગારોહણ થવાથી ભારતની જૈન પ્રજાએ તેમાંખાસ કરીને ગુજરાતની જૈન પ્રજાએ તો ભારે શોક દર્શાવ્યો હતો. સિદ્ધસૂરિ પોતાના પુણ્યના પ્રભાવથી જે શક્તિ પામ્યા હતા, અને તેમણે જે અલૌકીક આત્માનંદ અનુભવ્યો હતો તે અવર્ણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીય હતો. જ્યારે તેમની અસાધારણ કવિત્વ શક્તિ અવલોકીએ છીએ ત્યારે આપણને સિદ્ધ થાયછે કે, તે મહાનુભાવ દિવ્ય કવિ હતા, કુદરતના સાધક હતા, સિદ્ધ હતા અને માનવ જાતિનું દિવ્ય નેત્ર હતા. તેઓ સંયમી છતાં સ્નેહશીલ હતા, તપસ્યામાં કઠોર છતાં અંદરથી કોમલ હતા. વૈરાગ્યમાંજ તેમનો ભોગ અને જ્ઞાનમાંજ તેમની પરમ તૃપ્તિ હતી. તેમની ઊમદી ઇચ્છાઓ સ્વાભાવિક રીતે વિશ્વજનનું હિત સાધવાનીજહતી. ધર્મ અને જીવન, સુખઅને સાધના એ સર્વ તેમની પાસે અદ્વિતીય હતા. આવા મહાનુભાવ મુનિઓ પુનઃ ભારત ઊપર પ્રગટ થતા નથી, તે આ અવસર્પિણી કાલનોજ મહિમા છે.

# જૈન સોળ સંસ્કાર.

## ૧૧ ચૂડાકરણ સંસ્કાર

દશમો કર્ણવેધ સંસ્કાર થયા પછી અગીઆરમો ચૂડાકરણ સંસ્કાર કરવામાં આવેછે. આ સંસ્કારમાં બાળકના બાલ વાળ ઊતારવામાં આવેછે. આજકાલ તે રીવાજ પ્રચલિત છે, પણ તે સંસ્કાર વિધિપૂર્વક કરવામાં આવતો નથી, તેથી તે નકામો ગણાયછે. કેટલીએક ક્રિયાઓ પૂર્વના સંસ્કારમાંથી ઉપજી હોય છે, પણ કાલે કરીને વિધિનો લોપ થવાથી તે ક્રિયા અવિધિથી થયા કરે છે. એટલે તે કરવાનું ફલ તદન મલતું નથી. ચુડાકરણ સંસ્કારને માટે પણ તેવુંજ બનેછે. એ સંસ્કાર જૈન વર્ગમાં અવિધિથી અથવા મિથ્યાત્વથી મિશ્રિત થાય છે. ઘણાં અજ્ઞ શ્રાવકો પોતાના બાલકોના વાળ ઉતારવાને મિથ્યાત્વીઓના તીર્થમાં જાય છે, ગુજરાતમાં અંબાજી અને બહુચરાજીના નામથી પ્રખ્યાત એવા દેવીના સ્થાનોમાં સેંકડો ગૃહસ્થ શ્રાવકો બાધા રાખી વાળ ઉતરાવવાને દોડયા જાય છે, એ અપશોષની વાત છે. એવા મિથ્યાત્વને માન આપનારા શ્રાવકો સંસ્કાર અને ધર્મ ઉભયથી ભ્રષ્ટ થાય છે.

આ ચુડાકરણ સંસ્કાર હસ્ત, ચિત્રા, સ્વાતિ, મૃગશિર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યેષ્ઠા, રેવતી, પુનર્વસુ, શ્રવણ, અને ધનિષ્ઠા, એટલા નક્ષત્રોમાં પ્રતિપદા, બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, અગીયારશ, અને તેરશ, એટલી તિથિઓમાં અને શુક્ર, સોમ, બુધ, એ વારમાં ચંદ્ર તથા તારાનું બલ જોઈને કરવામાં આવે છે. એ સંસ્કારમાં હજામત કરવાની છે, તેથી પર્વના દિવસોમાં, યાત્રામાં, કે સ્નાન, ભોજન અને આભૂષણની પછી એ સંસ્કાર કરવામાં આવતો નથી. તેમજ ત્રણ સંધ્યાકાલે, રાત્રિમાં, સંગ્રામમાં, ક્ષય તિથિમાં, અને પૂર્વે કરેલા તિથિવાર શિવાય બીજી તિથિ કે વારમાં તથા મંગલ કાર્યમાં ક્ષૌર કર્મ (હજામત) કરાતું નથી. તે સંસ્કાર કરતી વખતે ગુરૂ, શુક્ર અને બુધ, એ ત્રણ ગ્રહ કેંદ્ર એટલે લગ્નથી પહેલે, ચોથે, સાતમે અને દશમે હોવા જોઈએ. છઠ, આઠમ, ચોથ, અમાસ. ચૌદશ અને નોમ એ તિથિઓ અને રવિ. શનિ અને મંગલ એ વાર તેમાં કદિપણ ચૂડાકરણ સંસ્કાર થતો નથી. તેમજ લગ્નથી બીજે, બારમે, પાંચમે, અને નવમે સ્થાને ક્રૂરગ્રહ હોય તો ક્ષૌરક્રિયા (હજામત) થતી નથી. તે સ્થાને શુભગ્રહ હોય તો આ ચૂડાકરણ સંસ્કાર થાય છે.

તેથી સૂર્યના બલવાલા માસમાં તથા ચંદ્ર અને તારાના બલવાલા દિવસમાં ઉપર કહેલ તિથિ, વાર તથા નક્ષત્રને વિષે કુલાચાર પ્રમાણે ચૂડાકરણ સંસ્કાર કરવો જોઈએ. તે સંસ્કાર કુલદેવતાની પ્રતિમાની સમક્ષ બીજા ગામમાં, વનમાં, પર્વત ઉપર કે ઘરને વિષે કરી શકાય છે. જ્યારે તે સંસ્કાર કરવાનો હોય ત્યારે શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે પૌષ્ટિક કર્મ કરવું જોઈએ. તે પછી ષષ્ઠી શિવાય આઠ માતાઓની પૂર્વવત્ પૂજા કરવામાં આવે છે ત્યારબાદ કુલાચારને અનુસારે પકવાન્ન વગેરેનું નૈવેદ્ય ધરવામાં આવે છે. તે પછી ગૃહસ્થ ગુરૂ સારી રીતે સ્નાન કરી બાલકને આસન ઉપર બેસારે છે. તે પછી વૃહત્સ્નાત્રની વિધિથી કરેલા જિનસ્નાત્રના જલ વડે શાંતિમંત્ર બોલી બાલકને સિંચન કરવામાં આવે છે. સિંચન કર્યા પછી પોતાના કુલની પરંપરાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજામત કરનારા નાપિતને હાથે મુંડન કરાવવું, બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યને મસ્તકના મધ્ય ભાગે શિખા રાખી મુંડન કરાવવું. અને શૂદ્રને બધા મસ્તક પર મુંડન કરાવવું.

મુંડન કરાવવા પેહેલા શ્રાવક શિશુના મસ્તકપર જ્યારે તીર્થોદકનું સિંચન કરવામાં આવે છે, ત્યારે નીચેનો જૈન વેદ-મંત્ર સાત વાર બોલવાનો છે.

" ॐ अर्हं ध्रुवमायुर्ध्रुवमारोग्यं ध्रुवाः श्रियो ध्रुवं कुलं ध्रुवं यशो ध्रुवं तेजो ध्रुवं कर्म ध्रुवा च गुणसंततिरस्तु अर्हॐ"

" આ ચૂડાકરણ સંસ્કાર જેને કરેલો છે, એવા બાલકને આયુષ્ય, આરોગ્ય, લક્ષ્મી, કુલ, યશ, તેજ, કર્મ, અને ગુણોની સંતતિ ધ્રુવ—નિશ્ચલ થાઓ. "

આ મંત્રનો સાતવાર ઉચ્ચાર કરી બાલકને સિંચન કરવું, તે વખતે ગીત ગાવા અને વાજિંત્રો વગાડવા.

તે પછી પંચપરમેષ્ટી મંત્રનો પાઠ કરી બાલકને તે આસન ઉપરથી ઉઠાડી સ્નાન કરાવવું. સ્નાન કરાવ્યા પછી બાલકને શરીરે સુગંધી ચંદનનો લેપ કરી, શ્વેત વસ્ત્ર પેહેરાવી વિવિધ જાતના આભૂષણો પેહેરાવવા. તે પછી તેને ધર્મમંદિરમાં લઇ જઇ પૂર્વની રીતિ પ્રમાણે મંડલી પૂજા અને ગુરૂને વંદના કરાવવી. તેમજ વાસક્ષેપ નખાવવો. તે પછી સત્પાત્ર સાધુઓને શુદ્ધ વસ્ત્ર, અન્ન, પાત્ર અને ષટ્વિકૃતિના દાન આપવા. અને ગૃહસ્થ ગુરૂને વસ્ત્ર, તથા સુવર્ણના દાન દેવા. મુંડન કરનારા નાપિતને વસ્ત્ર અને કંકણનું દાન કરવું.

આ પ્રમાણે અહિં આ લઘુ સંસ્કાર પૂરો થાય છે. આ પવિત્ર સંસ્કારનો હેતુ પણ ધાર્મિક વૃત્તિને ઉત્તેજિત કરનાર અને ભવિષ્યમાં શ્રાવકસંતાનને આયુષ્ય, આરોગ્ય, લક્ષ્મી, કુલ, યશ, તેજ, કર્મ અને ગુણોની વૃદ્ધિને સૂચવનારો છે; જે વેદ મંત્રના અર્થ ઉપરથી જણાઇ આવે છે.

For Private And Personal Use Only